# પીવાનું સ્વચ્છ પાણી પૂરું પાડવામાં સરકાર નિષ્ફળ

## ટાઈમ લાઈન
-સંજય વોરા

મધ્યપ્રદેશના ઈન્દોરમાં દૂષિત પાણીને કારણે 15 લોકોના મોત બાદ આ મુદ્દો ચર્ચાનો વિષય બની ગયો છે, પરંતુ આંકડાઓ દર્શાવે છે કે મધ્યપ્રદેશનાં બે સૌથી મોટાં શહેરો લાંબા સમયથી પ્રદૂષિત પીવાના પાણીને કારણે વિવિધ રોગોથી પીડાઈ રહ્યા છે. ઈન્દોર અને ભોપાલમાં સંયુક્ત રીતે છ વર્ષના સમયગાળામાં 5,45,000 લોકો પાણીજન્ય રોગોથી પીડાતા હોવાનું જાણવા મળ્યું છે. રાજધાની ભોપાલમાં પરિસ્થિતિ વધુ ખરાબ છે. છ વર્ષમાં અહીં ગંભીર કમળાના 4,00,000 થી વધુ કેસ નોંધાયા છે. ભારતના નિયંત્રક અને ઓડિટર જનરલ (CAG) ના અહેવાલ મુજબ, 2013 થી 2018 દરમિયાન ભોપાલ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ગંભીર હેપેટાઈટિસના કુલ કેસોની સંખ્યા 4,39,104 હતી, જ્યારે ઈન્દોરમાં આ જ સમયગાળા દરમિયાન હેપેટાઈટિસના 40,447 કેસ નોંધાયા હતા. દૂષિત પાણીનું એક પરિણામ ટાઈફોઈડ છે. આ સમયગાળા દરમિયાન ભોપાલમાં ટાઈફોઈડના 39,481 કેસ નોંધાયા હતા, જ્યારે ઈન્દોરમાં 1,462 કેસ નોંધાયા હતા. ભોપાલમાં વાયરલ હેપેટાઈટિસના કેસ પણ 23,875 નોંધાયા હતા, જ્યારે ઈન્દોરમાં 625 કેસ નોંધાયા હતા.

ભોપાલ અને ઈન્દોરમાં પાણીના નમૂના પરીક્ષણ માટે લેવામાં આવ્યા હતા, તે પણ દૂષિત હોવાનું જણાયું હતું, પરંતુ વહીવટીતંત્ર CAGને આ અંગે કોઈ કાર્યવાહી કરવાનો કોઈ રેકોર્ડ આપી શક્યું નથી. રિપોર્ટ મુજબ, વર્ષ 2013 થી 2018 સુધીમાં વિવિધ જળ સ્રોતોમાંથી પાણીના નમૂના એકત્રિત કરવામાં આવ્યા હતા. ભોપાલમાં 2,99,692 અને ઈન્દોરમાં 74,889 નમૂનાનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પાણીના નમૂનાઓનું પરીક્ષણ કરવા માટે તેનું ભૌતિક વિશ્લેષણ, રાસાયણિક વિશ્લેષણ, બેક્ટેરિયા વિશ્લેષણ અને જૈવિક વિશ્લેષણ કરવામાં આવે છે. ભોપાલમાં 433 જૈવિક નમૂનાઓ પ્રતિકૂળ હોવાનું જાણવા મળ્યું હતું, જ્યારે ઈન્દોરમાં 3,074 ભૌતિક, 147 રાસાયણિક અને 827 બેક્ટેરિયાના નમૂના 10,500ના પ્રમાણભૂત સ્તરથી નીચે મળી આવ્યા હતા.

પાંચ વર્ષના વિશ્લેષણથી જાણવા મળ્યું છે કે બંને શહેરોમાં આ વ્યવસ્થા માટે મળેલું બજેટ ખર્ચી શકાયું નથી. પાંચ વર્ષમાં ભોપાલ મ્યુનિસિપલ કોર્પોરેશનને લગભગ 1,119 કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું હતું, જેમાંથી ફક્ત 963 કરોડ રૂપિયા ખર્ચી શકાયા હતા. 156 કરોડ રૂપિયા ખર્ચી શકાયા નહોતા. ડિરેક્ટોરેટ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના બજેટ મુજબ આ જ સમયગાળા દરમિયાન ઈન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશનને 2,352 કરોડ રૂપિયા મળ્યા હોવાનું જાણવા મળ્યું હતું, જેમાંથી ફક્ત 1,137 કરોડ રૂપિયા ખર્ચાયા હતા. 1,215 કરોડ રૂપિયા ખર્ચી શકાયા નહોતા.

પાણી એ લોકોનો બંધારણીય અધિકાર છે. પીવાનું સ્વચ્છ પાણી પૂરું પાડવું એ સરકારની જવાબદારી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જનતાને આપવામાં આવતું પાણી પણ અપૂરતું છે. ભોપાલમાં, 2017-18 માટે પ્રતિ વ્યક્તિ પ્રતિ દિવસ 135 લિટર પાણીનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. BMC એ તેના ડેટામાં સમાન રકમનો પુરવઠો પૂરો પાડ્યો હોવાનો દાવો કર્યો હતો, પરંતુ CAG એ તેને પ્રતિ વ્યક્તિ પ્રતિ દિવસ માત્ર 122 લિટર જ માન્યો છે. ઈન્દોરે 2017-18માં પ્રતિ વ્યક્તિ 150 લિટર પાણીના લક્ષ્યાંક સામે પ્રતિ વ્યક્તિ 105 લિટર પાણી પૂરું પાડવાનો દાવો કર્યો હતો, જ્યારે CAG રિપોર્ટમાં પ્રતિ વ્યક્તિ 58 લિટર પાણી પૂરું પાડવાનો અંદાજ છે.

આ લક્ષ્યાંક કરતાં ઘણું ઓછું છે. રિપોર્ટ દર્શાવે છે કે 2018માં, ભોપાલમાં 1.43 લાખ ઘરો અને ઈન્દોરમાં 2.68 લાખ ઘરો પાસે પાણીનાં જોડાણો નહોતાં. એક ગ્લાસ સ્વચ્છ પાણી ન મળવાને કારણે કોઈએ પોતાનો જીવ ગુમાવ્યો, તો બીજી તરફ, 2018માં ઈન્દોરમાં પીવાના પાણીના પુરવઠામાં 65 ટકા પાણીનો બગાડ નોંધાયો હતો. આ બાબતમાં ભોપાલ પણ પાછળ નથી. ભોપાલમાં આ વર્ષે આ આંકડો 50 ટકા સુધી પહોંચી ગયો છે. ભારતના નિયંત્રક અને ઓડિટર જનરલ (CAG) એ 2019 માં ભોપાલ અને ઈન્દોરની પાણી પુરવઠા પ્રણાલી પર એક ઓડિટ રિપોર્ટ બહાર પાડ્યો છે.



આ અહેવાલમાં 2013-14 થી 2017-18 સુધીની પરિસ્થિતિનો સમાવેશ થાય છે. અહેવાલ મુજબ, આ સમયગાળા દરમિયાન ભોપાલમાં બિન-મહેસૂલ પાણીનો ઉપયોગ 30 ટકાથી 49 ટકા અને ઈન્દોરમાં 65 ટકાથી 70 ટકા સુધી થયો હતો. આ આંકડાઓ કાચા પાણીના ખેંચાયેલા જથ્થા અને પૂરા પાડવામાં આવતા પાણીની માત્રા વચ્ચે નોંધપાત્ર વિસંગતતા સૂચવે છે. જોકે મ્યુનિસિપલ કોર્પોરેશન ઈન્દોરના ગેઝેટ નોટિફિકેશનમાં આવક સિવાયનું પાણી માત્ર 15 થી 26 ટકાની વચ્ચે દર્શાવવામાં આવ્યું છે. પાણીના નુકસાનને બે રીતે ગણવામાં આવે છે. ભૌતિક નુકસાન મુખ્યત્વે પાઈપલાઈન સાંધા, કનેક્શન જળાશયો અને ઓવરફ્લો થતા સમ્પમાં લીક થવાને કારણે થાય છે, જ્યારે બિન-ભૌતિક નુકસાનમાં પાણીની ચોરી વગેરેને કારણે થતાં નુકસાનનો સમાવેશ થાય છે.

**પાણી એ લોકોનો બંધારણીય અધિકાર છે. પીવાનું સ્વચ્છ પાણી પૂરું પાડવું એ સરકારની જવાબદારી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જનતાને આપવામાં આવતું પાણી અપૂરતું છે**

2013-14માં ભોપાલમાં પાણીનો બગાડ 30 ટકા હતો, જ્યારે તે વર્ષ માટે ઈન્દોરનો કોઈ ડેટા ઉપલબ્ધ નથી. 2014-15માં ભોપાલમાં 30 ટકા પાણીનો બગાડ થયો હતો, જ્યારે ઈન્દોરમાં 65 ટકા પાણીનો બગાડ થયો હતો. 2015-16માં ભોપાલમાં પાણીનો બગાડ વધીને 38 ટકા થયો હતો, જ્યારે ઈન્દોરમાં તે 70 ટકા સુધી પહોંચ્યો હતો. 2016-17માં ભોપાલમાં પાણીનો બગાડ 38 ટકા અને ઈન્દોરમાં 69 ટકા રહ્યો હતો. 2017-18માં ભોપાલમાં પાણીનો બગાડ 38 ટકા નોંધાયો હતો, જ્યારે ઈન્દોરમાં તે 65 ટકા હતો.

ઈન્દોરમાં પ્રદૂષિત પાણીના મુદ્દા અંગે હાઈકોર્ટ બેન્ચ ઈન્દોરમાં પાંચ જાહેર હિત અરજીઓની એકસાથે સુનાવણી કરવામાં આવી હતી. 6 જાન્યુઆરીએ કોર્ટે સરકારને આ મામલે સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવા કહ્યું હતું. હાઈકોર્ટે કડક સ્વરમાં કહ્યું હતું કે પાણી એ લોકોનો મૂળભૂત અધિકાર છે અને તેના પર કોઈ સમાધાન થઈ શકે નહીં. કોર્ટે કહ્યું કે ઈન્દોરમાં દૂષિત પીવાના પાણીના મુદ્દાએ સમગ્ર દેશમાં સૌથી સ્વચ્છ શહેરની છબીને નુકસાન પહોંચાડ્યું છે.

# ‘સુરતને આંગણે ભવાઈનો ભાતીગળ ઉત્સવ’



**આવી ભાતીગળ ભવાઈનો એક વિશિષ્ટ ઉત્સવ સુરતને આંગણે તાજેતરમાં કામરેજ ખાતે યોજાઈ ગયો**

## કર્ટનકોલ
- વિહંગ મહેતા

ભવાઈ, એ ગુજરાતનું પરંપરાગત લોકનાટ્ય. આમ તો એ નાટકનો ગ્રામ્ય જીવનમાં વધુ પ્રચલિત એવો પ્રકાર. જેનો વ્યાપ, વિસ્તાર અને લોકપ્રિયતા ન કલ્પી શકાય એટલી મોટી છે. વ્યાવસાયિક નાટકોની જેમ એના ટિકિટ શોઝ નથી થતાં, છતાં કુટુંબોનાં કુટુંબો વ્યાવસાયિક રીતે માત્ર ને માત્ર ભવાઈ પર નભતા આવ્યા છે. એક અભ્યાસ પ્રમાણે, 600થીય વધારે કુટુંબો વિશેષ કરી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આજેય નભે છે - એમના રોજેરોજ ખેલ થાય છે, સેંકડો હજારોની સંખ્યામાં લોકો એને જુએ છે, માણે છે, વખાણે છે અને એને આર્થિક અનુદાન પણ આપે છે.

અભિનય સાથે (મંચ પરથી લાઈવ) ગાયન, વાદન, નર્તન, સંવાદોની બેતબાજી અને ભાતીગળ પોશાક, ભવાઈની વિશિષ્ટતાઓ છે. ગ્રુપવર્કની એમાં મજા છે, ટાઈમિંગ અને પ્લેસિંગની અહીં ગજબ કરામતો છે. પુરુષ અહીં સંપૂર્ણપણે સ્ત્રી બની, સ્ત્રીપાત્ર તરીકે મંચ પરથી પોતાની વાત પોતાના પ્રશ્નો રજૂ કરે છે.

કોઈ પણ પ્રકારના સેટિંગ્સ (સન્નિવેશ) કે પ્રકાશ આયોજન વગર, ગામડાંઓમાં પેટ્રોમેક્સ કે લાઈટ-સાઉન્ડના ટાંચાં સાધનો સાથે, ગામના ચોતરે કે મંદિરના ઓટલે રજૂ થતી આ ભવાઈ, માત્ર ને માત્ર પોતાની કથા, રજૂઆત અને અભિનયના જોરે, કલાકો સુધી લોકોને પોતાની પકડમાં બાંધી રાખે છે.

આવી ભાતીગળ ભવાઈનો એક વિશિષ્ટ ઉત્સવ સુરતને આંગણે તાજેતરમાં કામરેજ ખાતે યોજાઈ ગયો. ગુજરાત રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર દ્વારા આયોજિત કલા મહાકુંભનો આ એક ભાગ હતો.

ગુજરાતની આ પરંપરાગત લોકકલાનો પ્રચાર-પ્રસાર અને વિકાસ થાય તથા સામાન્ય જનતા પણ એને હસ્તગત કરતી થાય એવા હેતુથી થોડાં વર્ષો પૂર્વે જ ભવાઈની સ્પર્ધાનો કલા મહાકુંભમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

સુરતને આંગણે યોજાયેલી આ સ્પર્ધાની મજા એ હતી કે અહીં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓથી શરૂ કરી 60થીય વધુ વયના સિનિયર સિટીઝન્સ કે સાવ નવા પ્રથમ વાર મંચ પર પગ માંડતા કલાકારોથી માંડી ભવાઈના સિદ્ધહસ્ત નાયકો સુધીના સૌ, એક જ મંચ પર, સરખી તન્મયતા અને ઉત્સાહથી પોતાની કૃતિઓ રજૂ કરતા હતા.

તાપી જિલ્લા વતી મા શિવદૂતિ સાયન્સ સ્કૂલ વ્યારા દ્વારા વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનિઓની એમ બબ્બે ભવાઈ કૃતિઓ 10-10 કલાકારોની મોટી ટીમ દ્વારા જોશભેર રજૂ થઈ. એકમાં, ગામમાં યોજાનાર ચૂંટણીમાં થતા કાવાદાવાઓની તો બીજામાં, રાજા હરિશ્ચંદ્રના જીવન અને સત્યની કસોટીઓની વાત કરાઈ.

આણંદ જિલ્લા વતી બોરસદ તાલુકાની H.J પરીખ હાઈસ્કૂલ જારોલાએ એની ભવાઈમાં ‘ડુંગર સાથે દોસ્તી’નો નવો જ વિષય રજૂ કર્યો. શાળાના જ શિક્ષિકા અસ્મિતા જીંથરાના આ હેતુલક્ષી અભિગમને દાદ આપવી ઘટે. ભરૂચ જિલ્લા વતી નારાયણ વિદ્યાલય ભરૂચના ટાબરીયાઓએ ભવાઈમાં ‘રાજા હરિશ્ચંદ્રનો વેશ’ સરસ રીતે રજૂ કર્યો. એમાં લેખન, ગાયન અને સંગીત ત્રણેય સંભાળી રહેલા દિગ્દર્શક શિક્ષક મોહીનભાઈ રાજનો કસબ હતો.

ભારતી એન્ડ ભવાઈ ગ્રુપ બીલીમોરા પ્રસ્તુત ભરત શિમ્પી લિખિત દિગ્દર્શિત ‘રાણી રૂડાબાઈનો વેશ’ માં અડાલજની વાવની કથા હતી. રંગલો રંગલીના સરસ અભિનય અને રીટા દાદાવાળાના ગાયને વાતાવરણ બનાવ્યું.

નવસારીની શ્રીમદ રાજચંદ્ર પ્રાથમિક વિદ્યાલયની કૃતિ ‘ગોરા કુંભાર’માં, મહારાષ્ટ્રની પરંપરાગત વેશભૂષા અને મંચ પર કુંભારના ચાકડા, માટલા, પ્રભુભક્તિ સાથે પગથી માટી ગૂંદવામાં, ભોંયસરકતા બાળકનું વચ્ચે આવી જવું જેવા ટ્રીક સીનમાં લેખક-દિગ્દર્શિકા ધૃતિ દેસાઈની મહેનત અને ચીવટ દેખાઈ આવતી હતી. કથાના સૂત્રધાર રંગલા તરીકે રુદ્ર દેસાઈના ગાયન-નર્તને કૃતિ નોંધપાત્ર બનાવી.

સુરત જિલ્લા વતી H.H. ગજેરા વિદ્યાભવન કતારગામની કૃતિ ‘કુંતીનો વેશ’ એ પ્રાચીન ભવાઈ અને અર્વાચીન રીતે મૂકાયેલી, મહાભારતના પાત્ર કુંતીની જીવનકથાનું કોલાશ હતું. આઠેક વિદ્યાર્થીની મજબૂત ટીમે, ડાન્સિંગ, રાઈમિંગ અને ટાઈમિંગ વડે, લેખક-દિગ્દર્શક યશ ઉપાધ્યાયની રાહબરી હેઠળ આ અઘરી દેખાતી વાત, સુપેરે પાર પાડી. રંગલો રંગલી અને નાયક તરીકે માહેર દાબડીયા, હીર રૂડકીયા અને યશરાજ ખેરનાર ખૂબ સરસ રહ્યા. સ્પર્ધાની આ તૃતીય શ્રેષ્ઠ કૃતિ હતી.

મહેસાણા જિલ્લા વતી આવેલા પ્રતિભા કલા વૃંદે તો ભવાઈના જનક અને આદ્ય લેખક અસાઈત ઠાકર લિખિત ભવાઈ ‘પાવાગઢનું પતન’ એના અક્ષુણ્ણ પરંપરાગત રૂપમાં રજૂ કરી રજૂકર્તાઓ સાચા અર્થમાં ભવાઈને પોતાનું આખું જીવન સમર્પિત કરી ચૂકેલા ઉંમરલાયક નાયકો હતા.

નવરાત્રીમાં ગરબે રમવા ડુંગર પરથી સુંદર યુવતીના રૂપમાં ઉતરી આવેલા મા-મહાકાળીના રૂપ ઉપર પતઈ રાજા મોહી પડે છે અને એને બોલાવી તેડાવી ગરબે રમાડી ભાન ભૂલીને એનો છેડો ખેંચે છે જેથી સાક્ષાત મહાકાળી-મા પ્રગટ થઈ માથે ભડભડતી આગ પ્રગટાવી રાજાને પતનના શાપ આપી ક્રોધથી રૌદ્ર રૂપે ગરબે રમે છે. માથે સળગતી સગડી ને સાથે ચાર સળગતા પ્રગટીયા સાથે ગરબે રમતા મહાકાળી તરીકે અરવિંદભાઈ હરિભાઈ નાયકને જોવા માણવા એક લ્હાવો હતો. તો એમની સામે પતઈ રાજા તરીકે એમના જ સગા ભાઈ વિનુભાઈ હરિભાઈ નાયકની એમની સાથે ભવાઈના ઠેકા પર ઊંચા સૂરમાં ગવાતી સંગીતમય બેતબાજીની જમાવટ અદભુત હતી. આવા સમર્પિત નાયકોને આ મંચ સુધી લાવવા માટેના સંસ્થાના અગ્રણી પ્રતિભા નાયક વૈદ્યના પ્રયત્નોને બિરદાવીએ. આખી સ્પર્ધા માટે આ કૃતિ ભવાઈની ઓથેન્ટિક ટેક્સબુકની ગરજ સારે એવી હતી. કૃતિ દ્વિતીય સર્વ શ્રેષ્ઠ ઘોષિત થઈ.

તો પાટણ જિલ્લા વતી ક્રીએટિવ થિયેટ્રીકા ચેરીટેબલ ટ્રસ્ટ સિધ્ધપુરે રજૂ કરેલી ભવાઈમાં પરંપરા ઉપરાંત જુવાનીનું જોશ, ઝડપ અને વૈવિધ્ય હતા. એક જ ભવાઈમાં એમણે ‘મહાકાળીના વેશ’ ઉપરાંત ‘બ્રાહ્મણીયાનો વેશ’ અને ‘જુઠણનું કોમિક’ પણ કરી બતાવ્યું. ભૂંગળથી શરૂ કરી ભવાઈની તમામ પારંપારિક રીતોને યોગ્ય રીતે વળગી રહેવા ઉપરાંત (દિગ્દર્શક અને) સૂત્રધાર યાજ્ઞિક ચૌહાણ તથા જુઠણ ઉદ્ધવ વ્યાસનું ભેંસનું કોમિક, ટાઈમિંગ અને અભિનયની દૃષ્ટિએ કાબિલેદાદ હતું.

મહાકાળી તરીકે અહીં પણ માથે ભડભડતી સગડી અને પ્રગટ્યા સાથે જય નાયક અત્યંત પ્રભાવશાળી રહ્યા. આખી ટીમે પૂરા જોમજોશથી રંગમંચ અને નીચે ઓડીટોરિયમમાં પણ આવી આકર્ષક કોરિયોગ્રાફી સાથે સુંદર ટેબ્લોઝ પર મેળવેલી તાળીઓમાં દિગ્દર્શનનો કસબ હતો. પ્રસ્તુતકર્તા સૌ નવયુવાનો હતા એની પણ નોંધ લેવી ઘટે. સ્પર્ધાની આ શ્રેષ્ઠ કૃતિ હતી.

ઠેર ઠેરથી આવેલા 200થીય વધુ કલાકારોના નિવાસ ભોજન ઉપરાંત વિશાળ રંગમંચની સરસ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા માટેના સુરતના યુથ ડેવલપમેન્ટ અધિકારી રાધિકાબેન લાઠીયા તથા અન્ય અધિકારીઓ સૌરભ રાણા તથા મીત ચૌહાણના અથાક પ્રયત્નોને બિરદાવીએ. નિર્ણાયકો તરીકે સર્વશ્રી વિહંગ મહેતા, વડોદરા (આ લખનાર), મુગટલાલ નાયક, પાટણ તથા નવલ આંબલિયા, અમદાવાદે સેવાઓ આપી. રાજ્યના યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તરફથી યોજાતા આવા ઉત્સવો, યુવાનોને અવશ્ય ગુજરાતના ભવ્ય સાંસ્કૃતિક વારસા સાથે જોડવાનું કાર્ય કરશે જ એ નિર્વિવાદ છે.

## શબ્દ સાપ્તાહિકી
- અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. આખા રાષ્ટ્રમાં ચાલે એવી ભાષા (૪)
૪. ચાલવાના અવયવ, ચરણ (૨)
૬. પ્રામાણિક, નીતિમાન (૨)
૮. દૂર (૨)
૯. ભૂલભરેલું (૩)
૧૧. મનનું વલણ, સૂઝ (૨)
૧૨. દુ:ખ, પીડા (૩)
૧૩. જોઈએ તેટલું, સંતોષકારક (૪)
૧૫. પ્રણામ, નમસ્કાર (૩)
૧૬. અન્ય, પારકું (૨)
૧૭. સંદેહ, ભ્રાંતિ (૨)
૧૮. અક્કલ (૨)
૧૯. ઇશ્વરની મનાતી એક અનાદિ શક્તિ (૨)
૨૦. પોતા ભણી આકર્ષનારું (૩)
૨૧. દુ:ખ (૨)
૨૨. દાન આપનાર (૪)
૨૪. ઋષિકપૂર - ડિમ્પલની એક ફિલ્મ (૨)
૨૫. દિવસ(૩)
૨૭. તેજ, ભપકો (૩)
૨૯. પવન (૨)
૩૦. જુદું, અલગ (૨)
૩૧. શોધ, તપાસ (૩)
૩૨. સચોટ, સફળ (૪)
૩૫. લોકસંખ્યા (૨)
૩૫. અત્યારે, અવસ્થા (૨)
૩૬. ઉમેદ, તીવ્ર ઇચ્છા (૪)
૩૮. દોરડા પર નાચનાર (૨)
૩૯. શોધ, તપાસ (૨)
૪૦. ખાંસી (૨)
૪૧. જમીન ખોદવાનું ઓજાર (૩)
૪૨. હાથ (૨)
૪૪. રિવાજ, પ્રથા, ધારો (૩)
૪૬. નસ, રક્તવાહિની (૨)
૪૮. સાતમી રાશિ (૨)
૪૯. તાલાવેલી,ઉત્કટ ઇચ્છા (૩)
૫૨. પાણીમાં રહેતું એક પ્રાણી (૫)
૫૬. જુસ્સો,અધીરાઈ (૫)
૫૯. ગોડાઉન, ગોદામ (૩)
૬૦ પ્યાસ, તીવ્ર ઇચ્છા (૩)
૬૨. ચેતતો ....સદા સુખી (૨)
૬૩. માનવી, માણસ(૨)
૬૪. ખુશબો,મહેક (૪)
૬૬. બાણ, તીર (૨)
૬૭. દયાનો ભંડાર ઇશ્વર(૪)
૬૮. કિનારી, છેડો (૨)
૬૯. લાગ, પ્રસંગ (૨)
૭૦. મૂલ્ય (૨)
૭૧. શારીરિક ઇજા, ઘા (૩)
૭૨. નવલું (૪)
૭૩. પગથિયાંવાળો કૂવો (૨)
૭૪. પખવાડિયાની સાતમી તિથિ (૩)

**ઊભી ચાવી**

૧. લગામ (૨)
૨. રૂપાળી જુવાન સ્ત્રી (૩)
૩. આસમાની (૨)
૫. બહુ ઊંચું (૫)
૭. યોગ્ય કિંમત (૩)
૮. અધિકારથી દૂર થયેલું (૪)
૯. વીતી ચૂકેલું (૨)
૧૦. પુત્રી (૩)
૧૩. ચાલ, ઝડપ (૨)
૧૪. મોટું (૩)
૧૬. મીઠાઈ (૪)
૧૮. સહાય (૩)
૧૯. મારવું તે (૨)
૨૧. હથેળી (૪)
૨૨. કિંમત, મૂલ્ય (૨)
૨૩. દુ:ખ (૩)
૨૪. બાઘું, મૂર્ખ (૨)
૨૬. મોટાઈ, પધરામણી (૪)
૨૮. માહિતગાર, જાણકાર(૩)
૨૯. અઠવાડિયાનાનો પ્રત્યેક દિવસ (૨)
૩૦. પખાલી (૨)
૩૨. ખેતર કે ગામની હદ (૨)
૩૪. ટેક, આબરૂ (૨)
૩૫. મોજૂદ (૩)
૩૬. મરે નહિ એવું (૩)
૩૭. આદર (૨)
૩૮. મનુષ્ય (૨)
૪૦. ઓછું (૨)
૪૨. કસબ, હુન્નર (૨)
૪૩. વસિયતનામું (૨)
૪૫. પ્રિયતમા, માશુક (૩)
૪૭. ગમ ખાય એવું (૪)
૪૮. નજીવું (૨)
૫૦. પડતી (૩)
૫૧. રસ્તો (૨)
૫૩. ફળ કે ઝાડનાં થડનો ગર્ભ (૨)
૫૪. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૫૫. એક રૂપાળું પંખી (૨)
૫૭. તદ્દન (૪)
૫૮. નાદાનપણું (૫)
૫૯. સિંહ (૪)
૬૦. કિનારો કાંઠો (૨)
૬૧. સસલું (૩)
૬૪. પરાયું (૨)
૬૫. રઘુપતિ...રાજા રામ (૩)
૬૮. પવિત્ર સ્થળ(૨)
૬૯. તૃપ્ત, ધરાયેલું (૨)
૭૦. રમતમાં આવતો વારો (૨)

## શબ્દ સાપ્તાહિકી ઉકેલ



## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

